## મુદ્દા નં. :– ૪૪
## વારસાઈ પ્રમાણપત્ર આપવા બાબત

| | |
|---|---|
| ૧. જોગવાઈ : | બી.સી.એસ.આર (વોલ્યુમ –૧ ) ના નિયમ – ૨૨૮ તથા નાણા વિભાગના ઠરાવ નંબર નતવ/ ૧૧૯૯ /૯૩૪/૧/પી તા.૩૧–૧–૨૦૦૦ ની જોગવાઈ મુજબ |
| ૨. અરજી કરવાની : સમય મર્યાદા | પેન્શનરનુ અવસાન થતા તેને મળવાપાત્ર પેન્શન તથા કોઈપણ તફાવતની રકમ મેળવવા માટે પેન્શનરના મૃત્યુની તારીખથી એક વર્ષની અંદર અરજી કરી શકે છે. પરિશિષ્ટ ૧/૪૪ મુજબ |
| ૩. અરજી કોણ : કરી શકે? | સ્વ.પેન્શનરના કાયદેસર સીધી લીટીના વારસદાર આવી અરજી કરી શકે છે. |
| ૪. અરજી કોને : કરી શકાય ? | નીચે મુજબની રકમ માટે જે તે અધિકારીશ્રી / વિભાગને અરજી કરી શકાય. |

| અ.નં. | સત્તા અંગેની રકમની મર્યાદા | સત્તાધારી /વિભાગ |
|---|---|---|
| ૧. | રૂા. ૧ થી રૂા.૫૦૦ સુધી | મામલતદારશ્રી |
| ૨. | રૂા. ૫૦૧ થી ૧,૦૦,૦૦૦–સુધી | કલેકટરશ્રી |
| ૩. | રૂા. ૧,૦૦,૦૦૦ થી ઉપર | સ્વ. કર્મચારી જે ખાતામાં હોય તે ખાતાના વહીવટી વિભાગે આવી દરખાસ્તો જિલ્લા કલેકટરશ્રી ધ્વારા સરકારશ્રીના જે તે વહીવટી વિભાગને મોકલવાની હોય છે. |

| ૫. નિકાલની સમય : મર્યાદા | | |
|---|---|---|
| | કલેકટરશ્રી | ૦૫ દિવસ |
| | મામલતદારશ્રી | ૦૫ દિવસ |
| | તલાટી /સર્કલ ઓફિસરશ્રી | ૧૦ દિવસ |
| | કુલ .... | ૨૦ દિવસ |

**અરજદારશ્રીએ અરજીમાં સંપૂર્ણ વિગતો સ્પષ્ટ રીતે વાંચી શકાય તેવી રીતે ભરવાની રહેશે. તેમજ અરજી સાથે માગ્યા મુજબના તમામ પુરાવાઓની પ્રમાણિત નકલ બીડવાની રહેશે. આ ઉપરાંત અરજી સાથે આપેલ ચેકલીસ્ટમાં તમામ મુદ્દાઓના જવાબ અવશ્ય આપવાના રહેશે. જો એક પણ વિગત અધૂરી હશે કે પુરાવા રજુ કરેલ નહી હોય તો અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહી.**

**અરજી સાથે નીચે મુજબના પુરાવાઓની પ્રમાણિત નકલો સામેલ કરવાની રહેશે.**

૧. સ્વ. પેન્શનરનો મરણનો દાખલો
૨. રેશનકાર્ડની નકલ
૩. પી.પી.ઓ યુકત નકલ
૪. નિયુકિત ફોર્મની પ્રમાણિત નકલ
૫. પેન્શન ચુકવણા કચેરીના પત્રની પ્રમાણિત નકલ

## <u>પરિશિષ્ટ :– ૧/૪૪</u>

## <u>પેન્શનરનું અવસાન થતા ટ્રેઝરી કચેરી ખાતે બાકી રકમ લેવા અંગે વારસાઈ પ્રમાણપત્રની અરજી</u>

નામ :..............................

સરનામું :..............................

..............................

તારીખ :..............................

પ્રતિ,

કલેકટરશ્રી,

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટશ્રીની કચેરી,

.............................

**વિષય : પેન્શન ચુકવણા કચેરી ખાતે બાકી રકમ લેવા અ અંગે વારસાઈ પ્રમાણપત્ર બાબત**

સવિનય વિનંતી સાથે ઉપરોક્ત વિષયના અનુસંધાનમાં જણાવવાનું કે, મારા પિતા / પતિ / માતા / પત્ની શ્રી.................................................................................. સરકારી નિવૃત પેન્શનર હતા. જેઓનો પી.પી.ઓ.નંબર ..........છે. શ્રી.................................................તારીખ..................ના રોજ ગુજરી ગયેલ છે. જેઓની પેન્શન ચુકવણા કચેરી .................માં લેણી થતી રકમ રૂા. ...................... લેવા પાત્ર થાય છે. જેઓના અમો નીચે જણાવેલ કાયદેસરના સીધી લીટીના વારસદાર હોઈ વારસાઈ પ્રમાણપત્ર આપવા વિનંતી છે.

**<u>–: ગુજરનાર પેન્શનરના સીધી લીટીના કાયદેસરના વારસદારોઃ–</u>**

| અ.નં. | વારસદારનું નામ | સબંધ | ઉ.આ.વ. |
|---|---|---|---|
| ૧ | | | |
| ૨ | | | |
| ૩ | | | |

સ્થળ : .................................

તારીખ : અરજદારની સહી / અગુઠાનું નિશાન

**<u>–: એકરાર :–</u>**

**અમો અરજદાર અમારા ધર્મના સોગંદ ઉપર પ્રતિજ્ઞાપૂર્વક એકરાર કરી આથી જણાવીએ છીએ કે, ઉપર અરજીમાં જણાવેલ તમામ વિગતો / હકીકત અમારી જાણ તેમજ માનવા મુજબ ખરી અને બરાબર છે. જો અરજીમાં જણાવેલ હકીકત ખોટી જણાય કે અમોએ જાણી બુઝીને ખોટી હકીકત / વિગત રજુ કરેલ હોવાનું ધ્યાને આવે તો ખોટા દસ્તાવેજો રજુ કરવા બદલ અમારી સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી શકાશે. તેમજ ખોટી હકીકત રજુ કરવી તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.**

**સ્થળ : .** **.........................................**

**તારીખ :** **(અરજદારની સહી/ નામ/ અંગુઠાનું નિશાન)**

**(મુદ્દા.નં.૪૪)**

**ચેકલીસ્ટ**

**સરકારી નિવૃત કર્મચારીની ટ્રેઝરી કચેરી ખાતે બાકી રકમ લેવા અંગે વારસાઈ પ્રમાણપત્ર**

**(અરજદારે અરજી સાથે રજુ કરવાનું રહેશે.)**

| અ.નં. | વિગત | હા/ના/<br>લાગુ પડતુ પડતું નથી. | પાન નંબર |
|---|---|---|---|
| ૧ | અરજી પત્રક (પરિશિષ્ટ–૧/૪૪) | | |
| ૨ | નિયત કોર્ટ ફી સ્ટેમ્પ લગાવેલ છે ? | | |
| ૩ | વારસદારોનો હકક જતો કરવા સંબંધે સોગંદનામું (પરિશિષ્ટ–૩/૪૪) | | |
| ૪ | સ્વ.પેન્શનરના મરણના દાખલાની પ્રમાણિત નકલ | | |
| ૫ | રેશનકાર્ડની નકલ | | |
| ૬ | પી.પી.ઓ બુકની નકલ | | |
| ૭ | નિયુકિત ફોર્મની પ્રમાણિત નકલ | | |
| ૮ | પેન્શન ચુકવણા કચેરીના પત્રની પ્રમાણિત નકલ | | |
| ૯ | બાર–કોડ સ્ટીકર લગાવેલ છે ? | | |

સ્થળ : .

તારીખ :

..........................

( અરજદારની સહી / નામ )

નોંધ : ચેકલીસ્ટ કોલમ નં.૩ માં "હા/ના અથવા લાગુ પડતુ નથી" તેમ સ્પષ્ટ દશાવવું તથા સામેલ કરેલ પુરાવા કયા પાન નંબર ઉપર છે તે પણ દર્શાવવું. આ પૈકીના એક પણ મુદ્દાની પુર્તતા બાકી હશે તો અરજીપત્ર સ્વીકારવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

**અરજીપત્રક સ્વીકાર્યુ**

.....................

**જન સેવા કેન્દ્ર ફરજ પરના**

**કર્મચારીની સહી / નામ / સિક્કો / તારીખ**

## પરિશિષ્ટ :– ૨/૪૪

## વારસદારોનો હક્ક જતો કરવા સંબંધે રૂબરૂ જવાબ

આથી હું / અમો નીચે સહી કરનાર / કરનારા શ્રી ........................................
ઉ.આ.વ.............ધંધો...............રહેવાસી .........................................
આજરોજ સર્કલ ઓફિસરશ્રી / તલાટી કમ મંત્રીશ્રી...................... સરકારી ચાવડી / ગ્રામ પંચાયત રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવીએ / લખાવુ છુ કે,
મારા / અમારા પિતા / પતિ /શ્રી ..........................................................
રહે ........................................... તાલુકો ....................................
જિ. ................ મુકામે તારીખે ..............ના રોજ અવસાન પામેલ છે અત્યારે તેઓ ગુજરાત ના...................ખાતામાં છેલ્લે .................તરીકે નિવૃત થયેલ હતા અને તેઓશ્રી જિલ્લા / પેટા તિજોરી કચેરી........... ખાતેથી પેન્શન મેળવતા હતા.
હું / અમો તેઓશ્રીના કાયદેસર ના સીધીલીટીના નીચે મુજબના વારસદાર છીએ.

| અ.નં. | વારસદારનું નામ | ઉંમર | સંબંધ | રહેવાસી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

અમો ઉપર જણાવેલ વારસદારો સિવાય અન્ય કોઈ કાયદેસરના વારસદારો નથી. પેન્શન ચુકવણા કચેરી .................માંથી ગુજરનાર પેન્શનર ના પેન્શન / તફાવતની રકમ રૂા.........................મેળવવા શ્રી ....................એ વારસાઈ પ્રમાણપત્ર મેળવવા અરજી કરેલ છે. અમો વારસદારો પૈકી વારસદાર નંબર............થી .....................ના ઓએ વારસદાર નંબર......................ને સદરહુ રકમ મળે તે માટે અમારો હકક જતો કરવા તારીખ ............................ના રોજ સોગંદનામુ કરેલ છે.

ઉપર મુજબનો જવાબ મારા લખાવ્યા મુજબ બરાબર અને ખરો છે. જે મે વાંચી / સાંભળી સમજી વિચારીને નીચે સહી / અંગુઠાનું નિશાન કરેલ છે. ખોટો જવાબ લખાવવો તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકતની મને / અમોને જાણ છે.

સ્થળ : . ......................................
તારીખ : તમામ વારસદારોના સહી / અંગુઠાનું નિશાન

**મારી રૂબરૂ**

................................

**(તલાટી કમ મંત્રી /સર્કલ ઓફિસરની સહી / નામ / સિકકો)**

**નોધ : અરજદારનો ફોટો સ સંબંધીત તલાટી કમ મ મંત્રી / સર્કલ ઓફિસર દ્વારા અવશ્ય પ્રમાણિત કરવાનો હેશે.**

## પરિશિષ્ટ :– ૩/૪૪
## વારસદારોની સંમતિ જતો કરવાની એફીડેવીટ
## (નોકરી/ એક્ઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સમક્ષ રૂા. ૨૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર)

અમો નીચે સહી કરનાર

(૧) ............................ ઉ.વ............. ધંધો............. રહેઠાણ...............

(૨) ............................ ઉ.વ............. ધંધો............. રહેઠાણ...............

(૩) ............................ ઉ.વ............. ધંધો............. રહેઠાણ...............

(૪) ............................ ઉ.વ............. ધંધો............. રહેઠાણ...............

તે અમારા ધર્મના નામે સોગંદ ઉપર આ એફીડેવીટથી જાહેર કરીએ છીએ કે,

મર્હુમ .................ના અમો કાયદેસરના સીધી લીટીના વારસદારો છીએ.....................................પેન્શનર હતા અને તેમનું તા................. ના રોજ અવસાન થયેલ છે. તેમની પેન્શન વગેરેની રકમ રૂા................... કચેરીમાંથી લેવાની નીકળે છે. જે રકમ ઉપર જણાવેલ અ.નં. ...... ને મળે તે માટે અમો અ.નં. ...... થી ....... સુધીના વારસદારો સદરહુ રકમ સ.નં. ..............ને મળે તે માટે અમારી સંમતિ આપીએ છીએ.

સદરહુ સોગંદનામું અમો ......................ના પેન્શન / પેન્શન તફાવત / મેડીકલની રકમ અમારા રહેમ રાહે નોકરી મેળવવા માટે મળે તે હેતુથી કર્યો છે.

અમોએ સદર સોગંદનામુ વાંચી, સમજી, વિચારીને સહી કરેલ છે. ખોટું સોગંદનામું કરવું તે ગુન્હો બને છે. જે હકીકતની અમોને જાણ છે.

સ્થળ : ૧ ...............................

તારીખ : ૨ ...............................

## <u>પરિશિષ્ટ :– ૪/૪૪</u>

## <u>પંચનામુ ચનામું</u>

અ.નં. નામ ઉ.વ. ધંધો રહેવાસી

(૧)

(૨)

ઉપર મુજબનો અમો બંને પંચો આજરોજ તલાટી કમ મંત્રી / સર્કલ ઓફિસર...................સરકારી ચાવડી / ગ્રામ પંચાયત રૂબરૂ હાજર થઈ પુછવાથી લખાવીએ છીએ કે,

અમારા ગામના શ્રી......................... તારીખે................... ના રોજ ગુજરી ગયેલ છે. અને તેઓ ગુજરાત સરકારશ્રી ના ....................ખાતામાંથી છેલ્લે ......................તારીખે નિવૃત થયેલ હતા. તેઓશ્રી જિલ્લા / પેટા તિજોરી ખાતેથી પેન્શન મેળવતા હતા. તેઓના કાયદેસરના સીધીલીટીના નીચે મુજબના વારસદારો છે.

| અ.નં. | વારસદારનું નામ | ઉમર | સંબંધ | રહેવાસી |
|---|---|---|---|---|
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |
| | | | | |

ઉપરોક્ત વારસદારો ને અમો ઓળખીએ છીએ. અને આ વારસદારો સિવાય ગુજરનાર ના કાયદેસરના અન્ય કોઈ વારસદારો નથી.

ઉપર મુજબનું પંચનામું અમો પંચો લખાવ્યા મુજબ બરાબર છે. અને ખ– છે. જે વાંચી સમજીને અમોએ નીચે સહીઓ કરેલ છે. ખોટો જવાબ લખાવવો તે ફોજદારી ગુન્હો બને છે. તે હકીકત અમો સારી રીતે જાણીએ છીએ.

### <u>પેઢીનામું</u>

શ્રી ............................................તારીખ..............ના રોજ ગુજરી ગયેલ છે. અને ઉપરોક્ત પેઢીનામુ અમારી જાત માહિતી પ્રમાણે બરાબર હોઈ આ નીચે સહીઓ કરી આપેલ છે.

સ્થળ : ૧.................................

તારીખ : ૨.................................

**રૂબરૂ**

...................................

**તલાટી–કમ– મંત્રી**

**( સહી / નામ / સિક્કો)**

ઉપર મુજબના પંચનામાની જણાવાની વિગતોની મેં જાતે ખરાઈ કરેલ છે. જે બરાબર માલુમ પડેલ છે.

......................................

**સર્કલ ઓફિસરશ્રીની સહી / નામ / સિક્કો**

## (મુદ્દા.નં.૪૪)
## વારસાઈ પ્રમાણપત્ર આપવા બાબત.

### સર્કલ ઓફીસરશ્રીએ તપાસવાના મુદ્દાઓનું લીસ્ટ

| | | |
|---|---|---|
| ૧ | અરજદારનું પુરૂ નામ | |
| ૨ | સરનામું | |
| ૩ | જાતિ/પેટા જાતિ | |
| ૪ | ગુજરનાર પેન્શનર સાથેનો સબંધ | |
| ૫ | ગુજરનાર પેન્શનરનું નામ | |
| ૬ | પેન્શનર કઈ કચેરીમાં નોંકરી કરતા હતા તેની વિગતો જણાવવી. | |
| ૭ | ગુજરનાર પેન્શનરની કેટલી રકમ કયા કયા પ્રકારની બાકી છે તેની વિગત<br>(સંસ્થા/તિજોરીનું પ્રમાણપત્ર) રજુ કરેલ છે જેની ચકાસણી કરવી. | |
| ૮ | ગુજરનાર પેન્શનરના વારસદારોનું પેઢીનામું રજુ થયેલ છે જેની ચકાસણી કરવી.<br>(તલાટીશ્રી ઘ્વારા આપેલ પેઢીનામું) | |
| ૯ | ગુજરનાર પેન્શનરનો મરણનો દાખલો રજુ થયેલ છે ?<br>(મ્યુનિસિપલ કોર્પોરેશન/ તલાટીશ્રી) | |
| ૧૦ | પેન્શન ચુકવણા કચેરીના પત્રની નકલ રજુ થયેલ છે ? | |
| ૧૧ | સર્કલ ઓફીસરનો વારસાઈ પ્રમાણપત્ર આપવા બાબતે સ્પષ્ટ અભિપ્રાય. | |

**સર્કલ ઓફિસરનો સહી/સિકકો**

(મુદ્દા.નં.૪૪)

## મામલતદારશ્રીએ તપાસવાના મુદ્દાઓનું ચેકલીસ્ટ

| | | |
|---|---|---|
| (૧) | સર્કલ ઓફિસરશ્રી ધ્વારા રજુ કરેલ મુદ્દાઓ સાથે સંમત છે કે કેમ? | |
| (૨) | વારસાઈ પ્રમાણપત્ર ગુજરનાર પેન્શનરની લેણી રકમ મેળવવાના હેતુસર આપની સત્તામર્યાદામાં આવતુ હોય તો વિગતો ચકાસી થયેલ કાર્યવાહી બરાબર થયેલ છે કે કેમ? તેની ખાત્રી કરવી. | |
| (૩) | આપની સત્તામર્યાદા બહાર હોય તો વધુ રકમ માટે જે સત્તા અધિકારીશ્રીને મોકલવાનું હોય તે અંગે આપના ધ્વારા ચકાસણી કરી અભિપ્રાય સહ દરખાસ્ત મોકલવા પાત્ર છે કે કેમ? તેની ચકાસણી કરવી. | |
| (૪) | મામલતદારશ્રીનો વારસાઈ પ્રમાણપત્ર આપવા સબંધેનો સ્પષ્ટ અભિપ્રાય જણાવવો. | |

.................

**મામલતદાર**